R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

OCTOBER - 2017

Total - 40 Pages

Vol No. 61 Issue No.7



## ગોપાષ્ટમી

કારતક સુદ આઠમ એટલે ગોપાષ્ટમી. ગાયનું પૂજન કરવાનો વિશિષ્ટ દિવસ છે. શ્રીકૃષ્ણ ભગવાન ગાયો ચરાવવા માટે ગોકુળથી વૃંદાવન જતા હતા. તેમને ગાયો ખૂબ જ પ્રિય હતી. ગાય ને તેનાં વાછરડાંનું પૂજન કરી તેને આજે સારો કંસાર આપવામાં આવે છે. આજે વાછરડાં સહિત ગાયનું પૂજન અને પ્રદક્ષિણા કરવામાં આવે છે. આજે સૌભાગ્યવતી-પરણિતા સ્ત્રીઓ વ્રત કરે છે. વૈષ્ણવ મંદિરોમાં આજે ગોપાલ સ્વરૂપની ઝાંખી થાય છે. વૃંદાવન-મથુરામાં આજે ગાયોની શોભાયાત્રા નીકળે છે. શ્રીનાથદ્વારા તથા મથુરા સર્વે વૈષ્ણવ તીર્થોમાં આજે ગાયોની પૂજા કરી 'થૂલી' નાખવામાં આવે છે. ડાકોરમાં પણ આજે ગાયોની શોભાયાત્રા કાઢી પૂજન કરી તેમને કંસાર પીરસવામાં આવે છે.

પ્રાચીન સમયમાં ગૌધનની વિશિષ્ટ પૂજા - અર્ચના થતી હતી પરંતુ જેમ જેમ વર્ષો વીતતાં ગયાં તેમ ગૌધનનું મૂલ્ય ઓછું થતું ગયું. ગાયો અનેક રીતે ઉપયોગી છે. ગાયોમાં સર્વ દેવતાઓ વાસ કરે છે. સર્વ ધર્મજનો ગાયોમાં ભગવાનના સ્વરૂપની ઝાંખી કરે છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## ગોલ્ડન જ્યુબીલી ઈયર ઑફ ક્રિકેટ

આપણી સંસ્થા છેલ્લા ૫૦ વર્ષથી ક્રિકેટની વિવિધ ટુર્નામેન્ટો યોજે છે. આજની યુવા પેઢી ભાવપૂર્વક અને ઉત્સાહથી ક્રિકેટ રમે છે. જેથી આપણી યુવા પેઢીમાં એકબીજા સાથે સંબંધના સેતુ રચાય છે.

આ વર્ષે આપણે ક્રિકેટના ૫૦માં વર્ષનું આયોજન કરેલ છે. જે રીતના ક્રિકેટનું આયોજન થાય છે તે હિસાબે અને મોંઘવારીને ધ્યાનમાં રાખતા ભંડોળની જરૂર છે, તેથી શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આપ સૌને દાનની અપીલ કરે છે.

જે દાતાશ્રી રૂા. ૧૧,૦૦,૦૦૦/- નું દાન આપશે તેમનું નામ સંઘ દ્વારા સંચાલિત ક્રિકેટની બધી જ ટુર્નામેન્ટના સ્પોન્સરર તરીકે જોડવામાં આવશે.

બીજી અપીલ રૂા. ૨૫,૦૦૦/- કે તેથી વધુ તેમનું નામ ક્રિકેટ સોવિનીયર તથા જ્યોતિપુંજમાં છાપવામાં આવશે.

આશા છે આપ સૌ આમા અમોને સાથ અને સહકાર આપશો.

**વધુ વિગતો માટે : વિશેષ જાણકારી માટે આપ નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક કરી શકો છો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૧)** | **શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી** | - | **પ્રમુખ** | - | **૯૯૨૦૨૧૩૪૨૬** |
| **૨)** | **શ્રી ભાવેશ બીપીન મોદી** | - | **મંત્રી** | - | **૯૮૬૯૦૮૦૨૮૭** |
| **૩)** | **શ્રી કાર્તિક રસીકલાલ કડકીઆ** | - | **ચેરમેન** | - | **૯૮૨૦૦૩૦૮૪૨** |
| **૪)** | **શ્રી જીગર મણીકાંત કડકીઆ** | - | **કો.ઑર્ડીનેટર** | - | **૯૮૨૦૩૩૧૫૩૫** |
| **૫)** | **શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** | - | **એડવાઈઝર** | - | **૯૮૩૩૮૬૭૬૦૧** |
| **૬)** | **શ્રી સંજીવ કિરીટ ધારીઆ** | - | **સંયોજક** | - | **૯૮૨૦૧૩૧૩૩૩** |
| **૭)** | **શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ** | - | **એક્સ ઓફીસર** | - | **૯૮૨૦૧૮૩૯૦૭** |

| **મંત્રી** | **ચેરમેન** | **પ્રમુખ** |
|---|---|---|
| **શ્રી ભાવેશ બીપીન મોદી** | **શ્રી કાર્તિક રસીકલાલ કડકીઆ** | **શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી** |

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૧ | ૭ | ૨૧-૧૦-૨૦૧૭ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)**
**(જુનાગઢવાળા)**
**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**
**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**
**મનીષા નિ. શાહ**

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી



# તુલસી વિવાહ



✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

તુલસી વિવાહનો ઉત્સવ કારતક સુદ અગિયારસના દિવસે ઉજવવામાં આવે છે. સાંજના સમયે વિવિધ મંદિરો તથા પવિત્ર સ્થળોએ શ્રી વિષ્ણુ ભવગાનને તુલસીનો વિવાહ કરવામાં આવે છે.

આજ રોજ તુલસી વિવાહ કરવામાં આવે છે. જેમને દિકરી નથી હોતી તેઓ તુલસી-વિવાહ પુત્રીનાં લગ્ન જેટલા જ ઠાઠથી કરીને કન્યાદાનનું ફળ પામે છે. ઈન્દ્રનો ગર્વ ઉતારવા ભગવાન શંકરે જલંધરને ઉત્પન્ન કર્યો. પરંતુ સબળું કરતાં અવળું થયું તે દેવોને જ ભારી પડી ગયો. જલંધર પોતાની પત્ની વૃંદાની શીલભક્તિના પ્રભાવથી અજેય રહ્યો હતો. તેને હરાવવા માટે જલંધર રણ ભૂમિમાં હતો તે વેળા વિષ્ણુએ જલંધરનું રૂપ લીધુ ને મહાસતી વૃંદા પાસે ગયા. તેમણે તેના ભોળપણનો લાભ ઉઠાવીને તેને શીલભંગ કરી. સતી વૃંદા જ્યારે કપટ સમજી ગઈ ત્યારે તેણે વિષ્ણુ ભગવાને શ્રાપ આપ્યો કે તું પત્થર થઈને પડીશ તો વિષ્ણુએ વૃંદાને કહ્યું કે તારે વનસ્પતિ થવું પડશે.

તે પછી વૃંદાએ જ્યારે ભગવાનને ઓળખ્યા ત્યારે તે પસ્તાવો કરીને નમી પડી.ભગવાને કહ્યું,'વૃંદા! હું તને તરછોડીશ નહીં. આજથી હું તારા વિના ભોજન નહિ લઉં. બીજા જન્મે તને મારી પટરાણી બનાવીશ. ત્યાર પછી ભગવાન શાલીગ્રામ-કાળો પત્થર થયા ને વૃંદા વનસ્પતિ-તુલસી થયા. એટલે ભગવાનના નૈવેદ્યમાં તુલસીપત્ર સેવા જ જોઈએ નહિ તો તેઓ પ્રસાદ આરોગતા નથી. બીજા જન્મે ભગવાન વિષ્ણુ રામ બન્યા ને વૃંદા સીતા બન્યાં.

આ પ્રસંગની યાદમાં દર વર્ષે કારતક સુદ એકાદશી, દેવદિવાળીના દિવસને તુલસી-શાલિગ્રામના વિવાહ તરીકે ઉજવવામાં આવે છે.

✣✣✣✣✣

## બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળ

સર્વે શેર હોલ્ડરને વિનંતી કે KYC Transfer Share ૩૧.૧૨.૨૦૧૭ પહેલા કરાવી લેવા. તેના માટે ગ્રાહકની ઓફિસ સિક્કાનગર સાંજે ૪ થી ૬ આવી જવું.

જેને KYC or Transfer ની એપલીકેશન આપી હોય તેને તેમને Confirmation ઉપરના ટાઈમ મુજબ સિક્કાનગર મળી જવુ અને આવતા પહેલા ફોન કરીને જે માહિતી જોઈતી હોય તે લઈ લેવી. જે શેર હોલ્ડરને શેર ન મળતા હોય અથવા જે શેર હોલ્ડર ગુજરી ગયા હોય તેમના વારસદાર અથવા નોમીનેશન Under Taking આપી શેર સર્ટીફીકેટ લઈ જવા. તા. ૧.૧૨.૨૦૧૭ પછી આવવા વિનંતી. **સેક્રેટરી - જગદીશ પરીખ**

# સરસ્વતી હોય ત્યાં જ લક્ષ્મી હોય

**- શૈલેષ દેસાઈ**

અંગ્રેજીમાં એક કહેવત છે **"Knowdege is Power"** આજનો જમાનો જ્ઞાનનો છે. કોઈપણ ક્ષેત્રમાં તમે પાવરધા હો તો જ આગળ વધી શકો છો. એટલે કે પાવરની પૂજા થાય છે. અને પાવર પૈસો પણ ખેંચી લાવે છે. જ્ઞાનને લગતી ગુજરાતી માં પણ એક જૂની કહેવત છે,**'ભણેલો ક્યાંય પાછો ન પડે'** જો કે આજકાલ ભણેલો જાતે જ જબરજસ્ત ભૂલો કરતા હોય છે, એ વાત અલગ છે અને એટલે જ ભૂલ કરનારને આશ્વસ્ત કરવા બીજી પણ કહેવત છે,**'ભૂલ કરે તો ભોગવે અને બહુ ડાહ્યા બહુ પછડાય એ તો ખરી જ.'**

પાવરથી પૈસો આવે છે. સરસ્વતી અને લક્ષ્મી બંને જાણે છે કે સગ્ગી બહેનો છે. જ્યાં સરસ્વતી હોય ત્યાં જ લક્ષ્મીને રહેવું ગમે છે. જ્યાં માત્ર ને માત્ર લક્ષ્મી હોય અને સરસ્વતીના હોય ત્યાં લક્ષ્મીને ગોઠતું નથી. પોતાની બહેનના વિયોગને અભો એ મોડી-વહેલી ચાલતી પકડે છે.

કલા, વ્યવસાય, ધર્મ, રાજકારણ દરેક ક્ષેત્રમાં જ્ઞાનના કારણે જ હરણફાળ ભરી શકાય છે. આજકાલ એનું વ્યાપારીકરણ થઈ ચુક્યું છે. એના માઠા પરિણામો કેવા હોય`એના દાખલા છાપાઓમાં નિયમીત રૂપે આવતા હોય છે. ગમે તેવા કથા વારતા કે સત્સંગ કરતો માણસ પણ મેલી માનસિકતા રાખી ધર્મ આચરે છે. એટલે પછી દૂષિત પડેલી લક્ષ્મી જોઈ સરસ્વતિનું હૈયું કકડી ઊઠે છે. પછી લક્ષ્મી અને સરસ્વતી ત્યાંથી આવા માણસને વિનાશકાળે વિપરીત બુદ્ધિ સુઝાડે છે અને Knowledge is destroy બની જાય છે. આપણે જોતા કોઈએ છીએ. બાપદાદાનો કેટલોય દલ્લો હોય, જીવે ત્યાં સુધી બેઠો-બેઠો ખાય એટલે પણ સરસ્વતીની ગેરહાજરી એને કુમતી સુઝાડે છે. સુમતીના અભાવે કાં તો એ આ તમામ પૂંજી અવળે રસ્તે વાપરીયે યા ભોળપણ કે ભોટપણ લીધે એને ફોલી નાખશે. કહેવાનો મતલબ એ છે કે સરસ્વતી વગરના માણસ પાસે બધુ જ હોય તો પણ એના કશા મોલ નથી. ગમે તેમ ખવાય પણ ગમે તેમ બોલાય ના. એવી એક કહેવત છે. આજકાલ તો સરસ્વતી (જ્ઞાન) નો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. બીજાએ શું શું નથી કર્યું અથવા કેવું કેવું કર્યું એવું ચીતરીને બીજાને નીચો દેખાડવાની મજા આવતી હોય છે.

આપણી મૂળ વાત લક્ષ્મી અને સરસ્વતીની ચાલી રહી છે. માત્ર સરસ્વતી હોય તો લક્ષ્મી તો દોડતી આવે છે. ZERO માંથી HERO બનવાવાળા શૂન્યમાંથી સર્જન કરવાવાળા અસંખ્ય દાખલા છે. પણ જો બેફામ ખર્ચ કર્યો તો HERO માંથી ZERO બનતા વાર નથી લાગતી. હાઈફાઈ ભણેલો વર્ગ, અગ્રીમ હરોળમાં બેસનારો માણસ એવા એવા કરતૂતો કરે છે કે સરસ્વતી અને લક્ષ્મી બન્ને શરમાઈ જાય છે.

લાભ લાલચ, સ્વાર્થ, મોટાઈ, દંભ, આડંબર, દેખાદેખી અને આજનો એક નવો દુર્ગુણ કલકાપણાથી લક્ષ્મી દોષિત થાય છે. થઈ રહી છે. પછી એ બહાર જવાનો રસ્તો શોધે છે અને એમને માણસને ઉંચે લાવનારા પણ સરસ્વતી અને લક્ષ્મી છે અને એમને ભોંય ભેગા કરનાર પણ બન્ને દેવીઓ છે. જુઓ તો ખરા માણસો કેટલા બે ફાવ બની ગયા છે. સરસ્વતીની આરાધન-સાધના કરવા લક્ષ્મીનું પૂજન કરનારા એવો કેવો ઉપયોગ કરી રહ્યા છે પણ કહે છે ને કળયુગ આવ્યો છે. કળયુગ તો આપણે બધા ભેગા થઈને લાવ્યા છીએ. એને ઉછેરી રહ્યા છે પણ એટલું યાદ રાખવું.... કોઠાકબાડા બહુ લાંબો સમય ચાલતા નથી. બેફામ બનનારી લગામ કોઈ અગોચર શક્તિના હાથમાં જરૂર છે. આપણાને સૌને મનમાં ખોરાકની જરૂર છે. જે આપોઆપ મન પર દેખાશે. મનનો ખોરાક એટલે સદ્‌વાંચન, સદ્‌પ્રવૃત્તિ, સદ્‌ભાવના ને સત્સંગ બાકી તો ચડે તે પડે. ગમે તેવો રૂપાળો મસ્ત મજાનો પતંગ ગમે તેટલો ઉંચે ઉડે પછડાયા તો નીચે જ પડે છે. લક્ષ્મી ચંચળ છે. આગળના દરવાજે આવે છે અને પાછળના દરવાજે ભાગે છે.

❖❖❖❖❖



## "વાડસોલ કર્મવીર" શ્રી વસંત શાંતિલાલ પરીખ (કુવાવાળા)

VSP નાં નામે ઓળખાતા શ્રી વસંતભાઇ શાંતિલાલ પરીખનો જન્મ બાલાસિનોર મુકામે તા. ૧૮/૦૨/૧૯૩૭ નાં રોજ કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) ની કુખે થયો હતો. જન્મ બાદ સંપુર્ણ ઉછેર અને અભ્યાસ મુંબઇ ખાતે થયો.
૧૯૫૬માં જી.સી.ડી., ૧૯૫૭માં બી.એસ.સી., ૧૯૫૯માં એલ.એલ.બી.અને ૧૯૬૦માં બાર કાઉન્સિલની પરીક્ષા પાસ કરી એડવોકેટ થયાં.

- સૌ પ્રથમ ૧૯૫૭/૫૮માં શ્રી વાડાસિનોર વિદ્યાર્થી સંઘની સ્થાપનામાં અગત્યનો ભાગ ભજવી, જીવનમાં સામાજીક કાર્યો કરવાની પ્રેરણા મેળવી. તે વેળાનાં શ્રી બાલાસિનોર નવયુવક સંઘનાં કાર્યકર્તાઓ સ્વ. નવનીતલાલ સાંકરલાલ દેસાઇ, સ્વ. રતિલાલ સાંકરલાલ શાહ,શ્રી રસિકલાલ સાંકરલાલ મોદી(દિવ) વગેરેની સલાહ અને માર્ગદર્શનથી ૧૯૫૯માં સંઘનાં સહમંત્રી બન્યા અને સમાજસેવાની પ્રવૃત્તિ તરફ ધ્યાન કેંદ્રીત થયું.
- વાડાસિનોરવાસીઓ માટે ધિરાણની યોજના માં તેઓનું પ્રદાન અગ્રેસર રહ્યું. શ્રી પ્રવિણચંદ્ર મુળજીભાઇ ધારીઆ સાથે રહી બંધારણ બનાવી ૧૯૬૮માં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની સ્થાપના થઇ અને પ્રથમ મંત્રી તરીકે સેવા આપી. ત્યારબાદ ઉપ-પ્રમુખ તેમજ પ્રમુખ તરીકેની જવાબદારી અદા કરી.
- ૧૯૭૫માં સ્વ. મણીલાલ ચંદુલાલ ધારીઆ (ઓલ્લા)ની પ્રેરણાથી બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળની સ્થાપના થઇ જેમાં દશ વર્ષ મંત્રી તરીકે સેવા આપી.
- રિઝર્વ બેંકનાં નિયમોને કારણે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ધિરાણ પ્રવૃત્તિ બંધ કરવામાં આવી અને ૧૯૮૭માં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ કો-ઓપ. ક્રેડીટ સોસાયટીનાં ચીફ પ્રમોટર તેમજ સ્થાપક ચેરમેન બન્યા અને સાત વર્ષ ચેરમેન તરીકે સેવા આપી.
- શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ અને મેડિકલ ટ્રસ્ટમાં મંત્રી અને પ્રમુખ તરીકે સેવા આપી.
- શ્રી બાલાસિનોર કેળવણી મંડળની કારોબારી સમિતિમાં સેવા આપી.
- શ્રી બાલાસિનોર વિદ્યા મંડળ માં મંત્રી પદે સેવા આપી.
- લગભગ દરેક મંડળમાં તેમનાં સુચનો આવકાર્ય રહ્યાં છે.
- ૧૯૯૪માં વ્યવસાયમાંથી નિવૃત્ત થઇ બાલાસિનોર ખાતે શ્રી કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલમાં સક્રિય સેવા આપવાની શરૂઆત કરી,મંત્રી તેમજ ઉપ-પ્રમુખ પદ શોભાવી આજે પ્રમુખ તરીકેની યશસ્વી સેવા આપી રહ્યાં છે.
- ઉપરાંત હાલમાં તેઓ શ્રી મદન મોહનજી મંદિરનાં ચેરમેન તરીકે વહિવટ સંભાળી રહ્યાં છે.

કહેવત છે કે એક પુરૂષની પ્રગતિમાં એક સ્ત્રીનો સાથ-સહકાર આવશ્યક બને છે. પત્ની કોકિલાબેન પડખે રહી સેવાનાં કાર્યોમાં પ્રોત્સાહન આપતાં રહ્યાં છે.સંતાનોમાં બે પુત્રો પ્રતીક્ષ અને દિપેન સહપરિવાર અમેરિકામાં અને એક પુત્ર રૂપેશ ન્યુઝીલેન્ડ ખાતે સ્થાયી થયા છે. પુત્રી નૃપા મુંબઇ ખાતે સહપરિવાર વસવાટ કરે છે.
આજે ૮૦-૮૧ વર્ષે શ્રી વસંતભાઇ સામાજીક ક્ષેત્રે; બંધારણનાં પ્રશ્નો હોય, ચેરીટી કમિશ્નરનાં કાર્યાલયનાં પ્રશ્નો હોય, કુટુંબ-મિત્રોનાં પ્રશ્નો હોય, મંડળોનાં કાયદાકીય પ્રશ્નો હોય,દરેકમાં ખંતથી સેવા આપી રહ્યાં છે. નિવૃત્તિબાદ પણ પ્રવૃત્તિમય જીવન જીવવાનો રાહ તેમની પાસેથી શીખવા જેવો છે. આવાં પ્રેમાળ, સૌનાં માર્ગદર્શક, સેવાની જ્યોત પ્રજ્વલિત રાખનાર કાર્યકર્તા શ્રી વસંતભાઇ શાંતિલાલ પરીખ ને વાડસોલ સમાજ વતી, "વાડસોલ કર્મવીર" તરીકે સન્માનિત કરતાં શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ આનંદ અને ગર્વ અનુભવે છે.

**એક શુભેચ્છક**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઉપનગર વિભાગ - દાંડિયા રાસ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) પુરસ્કૃત ઉપનગર વિભાગના દાંડીયા રાસ રવિવાર સાંજે ૫.૩૦ વાગ્યાથી મહિલા આધાર ભવન, બોરીવલી (પશ્ચિમ) ખાતે યોજવામાં આવ્યો હતો.

ભારતીય સંસ્કૃતિને પરિધાન નવયુવક સંઘના કાર્યકર્તાઓ સૌને આવકારતા અને જૈ જૈ ગોકુલેશની આપલે કરતા એક બીજાને ખબર અંતર પૂછતાં વાતચીત કરતા નજરે પડતા હતા. આમંત્રિકો અને ખેલૈયાઓ હોંશભેર ચણીયા-ચોળી, આભલા ભરેલી ચુંદડી, કુરતા, કેડિયા, ચોયણી પહેરી આવેલા હતા.

આમંત્રિતો અને ખેલૈયાઓને પ્રવેશવાની સાથે જ નાસ્તાની, કોલ્ડ્રીંકની ફ્રી કુપન આપવામાં આવી હતી. ગ્રુપ પ્રમાણે ખેલૈયાઓ પોતાનો બેચ પ્રવેશદ્વાર પાસેજ લેતા હતા. આજના દાંડિયા રાસમાં સંઘના હોદ્દેદારો તથા સંયોજક સૌને આવકારતા હતા. સૌ ભેગા મળીને શ્રી યમુને મહારાણી ની આરતી ભાવપૂર્વક કરી હતી.

આરતીની પૂર્ણાહુતિ બાદ સનત વૈદ ડી.જે. સાથે ગરબા અને દાંડિયા રાસની સુંદર શરૂઆત કરી હતી. સંસ્થાના હોદ્દેદારો, સંયોજક અને આમંત્રિત મહેમાનોએ શરૂઆત કરી પળવારમાં જ વય મુજબ થોડીક જ વારમાં આખો હોલ ખેલૈયાઓથી સુંદર રીતે નૃત્ય કરતા તરબોળ થઈ ગયા. દાંડિયા રાસના જજ તરીકે શ્રીમતી યામિની કાપડિયા તથા કુમારી ધ્વનિ જાનીએ સુંદર સેવા આપી અને જજ પણ અંતિમ પાંચ મિનિટ ખેલૈયાઓ સાથે પોતાની સુંદર નૃત્ય કલા દર્શાવી દાંડિયા રાસનો ૨ કલાકનો એક રાઉન્ડ લોકો મનભરીને રમ્યા પછી વારો આવ્યો ઈનામનો જે બધા એ નીચે બેસીને સુંદર રીતે માણ્યો.

ત્યારબાદ દાંડિયા રાસનું સંચાલન કરતા શ્રીમતી વૈશાલી મોદીએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી અને સહમંત્રીને સ્ટેજ પર આવવા વિનંતી કરી. સંઘના પ્રમુખની નમ્ર વિનંતીને માન આપીને સમારોહના મુખ્ય મહેમાન શ્રી ભદ્રેશભાઈ લાલચંદભાઈ મોદી (બાલી)ને સ્ટેજ પર આવવા વિનંતી કરી લઈ આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીયા (રંગુનવાલા)નું શ્રીમતી અલ્પાબેન મોદીએ ચોકલેટ બુકે અર્પણ કરી સ્વાગત કર્યું. મંત્રી શ્રી ભાવેશ મોદીએ મુખ્ય મહેમાન શ્રી ભદ્રેશભાઈનું શાલ અર્પીને સ્વાગત કર્યું અને પ્રમુખ શ્રી સૌમિલ મોદીએ મુખ્ય મહેમાન શ્રી ભદ્રેશભાઈનું ચોકલેટ બુકે અર્પણ કરી અભિવાદન કર્યું હતું. સંયોજકે શ્રી ઉર્મિલ કડકીઆએ ડી.જે. સનત વૈદનું ચોકલેટ બુકે અર્પણ કરી અભિવાદન કર્યું હતું.

શ્રીમતી વૈશાલી મોદીએ દાંડિયા રાસના મુખ્ય મહેમાન શ્રી ભદ્રેશભાઈ લાલચંદભાઈ મોદી (બાલી)નો ટૂંકો પાત્ર પરિચય આપ્યો. ત્યારબાદ સંસ્થાના પ્રમુખે સંસ્થાના કાર્યકર્તાઓને ખડેપગે ઉભા રહેતા કાર્યકર્તા ઉમદા જ્ઞાતિબંધુને સફળ કાર્યક્રમ આપનાર દાંડિયા રાસના સંયોજક શ્રી ઉર્મિલ કડકિયાને અને તેમના સાથી કાર્યકર્તાઓને અભિનંદન આપી પ્રોત્સાહન પુરુ પાડયું હતું. દાંડિયા રાસના સંયોજક શ્રી ઉર્મિલ કડકિયાએ કાર્યક્રમને સફળ બનાવવા સર્વેનો આભાર માન્યો. ત્યારબાદ સંઘના સહમંત્રી શ્રી જીગર કડકીયાએ આભારવિધી રજુ કરી દાંડિયા રાસનો પ્રોગ્રામના અન્ય ખર્ચને પહોંચવળવા માટેના સર્વે સ્પોન્સરરનો આભાર માની જાહેરાત કરી.

**સ્પોન્સરર્સના નામ :**

શ્રી સુધીરભાઈ ધારીયા (રંગૂનવાળા), શ્રી રાજુભાઈ શાહ (બેઆની), શ્રી ઉર્મિલ કડકિયા, શ્રી અનીષ પરીખ, શ્રી અપૂર્વ પરીખ (ગુંથળીવાલા), શ્રી બકુલ શાહ (નગરશેઠ), શ્રી સુનિલ મોદી (ઠાસરાવાળા), શ્રી નિખિલ ધારીયા, શ્રી કેતન કડકીયા (ચોકસી), શ્રી લલિત દેસાઈ, શ્રી વસંત દેસાઈ, શ્રી નિલેશ કડકિયા, શ્રી અશ્વિન શાહ (ઝાટ), શ્રી નિતિન ગાંધી, શ્રી જીગર કડકિયા, વેલ વિશર્સ.

દર વર્ષે જુનિયર કે.જી. થી ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પારિતોષિક એનાયત થયા છે . શ્રીમતી મણીબેન મણિલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષિક વિતરણ હસ્તે શ્રી રાજુભાઈ મણિલાલ શાહની જગ્યાએ તેમના પુત્રી શ્રીમતી નીતાબેન વિદ્યાથીઓને મંચ પરથી શૈક્ષણિક પારિતોષિક આપ્યા હતા. સર્વે તે વિદ્યાથીઓએ બિરદાવ્યા હતા. દાંડિયા રાસની જજ તરીકે શ્રીમતી યામિની કાપડિયાનું ઉપપ્રમુખ શ્રી સમીર ગાંધીએ બહુમાન કર્યું હતું તથા કુમારી ધ્વનિ જાનીનું બહુમાન સહમંત્રી શ્રી જીગર કડકિયાએ બહુમાન કર્યું હતું. ત્યારબાદ દાંડિયા રાસના ઈનામ આપવામાં આવ્યા.

દાંડિયા રાસના વિજેતાના બધા જ ઈનામ તથા પાંચ વર્ષથી નીચેના દરેક ભુલકાઓને ઈનામ મુખ્ય મહેમાન શ્રી ભદ્રેશભાઈ અને તેમના ધર્મપત્નિ શ્રીમતી મીનાક્ષીબેન ના હસ્તે આપવામાં આવ્યા હતા. હર્ષો ઉલ્લાસ અને જીજ્ઞાશાપૂર્વક સર્વે પોતાનું નામની જાહેર થવાની રાહ જોતા હતા. અને એક પછી એક નામની જાહેરાત થતાં જ હોલમાં ચિચિયારી અને તાળીઓથી ગુંજી ઉઠયો. અંતે સર્વે લોકોએ નાસ્તો કરી અને છેલ્લે સૌ જૈ જૈ ગોકુલેશના સ્મરણ કરી છુટા પડ્યા હતા. ✤✤✤



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

તા. ૧૬મી સપ્ટેંર ૨૦૧૭ શનિવારે મહિલા વિભાગ દ્વારા લોઢા હોલ, શારદા વિદ્યા મંદિર સ્કૂલ, ગામદેવી ખાતે નવરાત્રિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪૬૦ બહેનોએ તથા બાળકોએ સુંદર વેશભૂષામાં સજ્જ થઈ 'સ્ટારબીટ્સ' ઓરકેસ્ટ્રાના તાલે ગરબાનો આનંદ માણ્યો હતો.

અમારા ઉત્સાહને વધારવા માટે એક બહેન તરફથી નામ ન આપવાની શરતી રૂા. ૧૫,૦૦૦/- તથા શ્રીમતી સરલાબેન નવનીતલાલ દેસાઈ (દેડકી) તરફથી રૂા. ૫૦૦૦ મહિલા વિભાગને મળ્યા છે. મહિલા વિભાગ બંને દાતાઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

લ્હાણીમાં ૧ ડઝન ચમચી સ્ટેન્ડ સાથે રાખવામાં આવી હતી. જે ૬૦૦ સભ્ય બહેનોએ લીધી હતી.

ઉંમર પ્રમાણે ૫ ગ્રુપ બનાવી હરિફાઈ રાખવામાં આવી હતી. જજ તરીકેની કામગીરી સુનંદાબેન શાહ (જાણિતા મ્યુઝિક ડિરેક્ટર વિજુશાહના પત્ની) તથા એ નિભાવી હતી. દરેક ગ્રુપમાં બેસ્ટ ડ્રેસ અને બેસ્ટ પરફોરમન્સ માટે ઈનામો આપવામાં આવ્યા હતા.

**હરીફાઈના વિજેતાઓ :**

| **બેસ્ટ પરફોરમન્સ** | **બેસ્ટ ડ્રેસ** |
|---|---|
| **ગ્રુપ - ૧ ૧૫ વર્ષથી નીચેના બાળકો માટે** | |
| હીત | નિરાલી, ખુશ |
| હીયા | કીયાંશ |
| સાચી | માયરા |
| **ગ્રુપ - ૨ ૧૬ થી ૩૦ વર્ષ સુધી** | |
| કોમલ | સૃષ્ટી |
| કોરલ | કવીશા |
| પરીતા | |
| **ગ્રુપ - ૩ ૩૦ વર્ષથી ૪૫ વર્ષ સુધી** | |
| મિલોની પરીખ | શીતલ મોદી |
| મારીશા | ખ્યાતિ મોદી |
| શિમોની | કેયુરી મોદી |
| સેજલ પરીખ | મોનાલી કડકીઆ |
| **ગ્રુપ - ૪ ૪૬ વર્ષની ૬૦ વર્ષ સુધી** | |
| નીષ્મા | નિકેતા |
| ડીંપલ | પ્રીતી પરીખ |
| તૃપ્તી | હંસાબેન |
| **ગ્રુપ - ૫ - ૬૦ વર્ષથી ઉપર** | |
| રશ્મિબેન પરીખ | અરૂણાબેન શાહ |
| પલ્લવીબેન દોશી | રેખાબેન દેસાઈ |
| ઉર્વશીબેન પરીખ | |

**તા. ૮મી નવેમ્બર ૨૦૧૭, બુધવારે બપોરે ૨.૩૦ કલાકે, ભારતીય વિદ્યા ભવનમાં 'દિવાળી સ્નેહ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે.**

સ્નેહસંમેલનના મુખ્ય મહેમાન શ્રીમતી દેવસ્મિતાબેન નટવરલાલ શાહ (ઝાટ) છે.

સ્નેહસંમેલનમાં લકી ડ્રો સાથે ગુજરાતી ગીતોનો રંગારંગ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

લકી ડ્રોની વિશેષ માહિતી કાર્યક્રમને દિવસે આપવામાં આવશે. કાર્યક્રમના પાસના ૧૫૦ રૂપિયા રાખવામાં આવ્યા છે. આ કાર્યક્રમના પાસ તા. ૩૦ ઑક્ટોબર સોમવારે બપોરે ૩ થી ૪.૩૦ દરમ્યાન સંસ્થાની ઓફિસેથી રાખવામાં આવશે. આવનાર દરેક વ્યક્તિને ૬ મેમ્બરશીપ કાર્ડ પર ૬ પાસ વહેલો તે પહેલોના ધોરણે આપવામાં આવશે.

(તા.ક. : કાર્યક્રમમાં મેમ્બરશીપ કાર્ડ લાવવું જરૂરી છે. મેમ્બરશીપ કાર્ડ વગર એન્ટ્રી આપવામાં આવશે નહિ.) **મંત્રી - ભાવેશ મોદી**

**સંયોજક - અલ્પા કડકીઆ - ૯૮૧૯૬૨૬૦૬૯**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) પુરસ્કૃત

## વસ્તી પત્રક અંગે અગત્યની જાહેરાત

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી આ વર્ષે વસ્તી પત્રકની ૧૧મી આવૃત્તીનું અંગ્રેજીભાષામાં પ્રકાશન આપ સૌના સાથ સહકારથી કરવાનું નક્કી કરેલ છે. આ અંગેની જાહેરાત અને તે અંગેના ફોર્મ દરેક જણને જ્યોતીપુંજ માધ્યમ દ્વારા મોકલવામાં આવ્યા છે. છતાં જે વ્યક્તિને ફોર્મ ન મળ્યા હોય તેઓ નીચેના સ્થળેથી ફોર્મ લઈ વહેલી તકે ભરી આપવા વિનંતી જેથી આ કાર્ય સફળતાથી પાર પડે.

બીજું આપણી છોકરી બહારની નાતમાં પરણી હોય તો તેનું અલગ ફોર્મ ભરવા વિનંતી તથા તેમા તેના પિતાનું નામ લખવું જરૂરી છે.

ફોર્મ સ્વીકારવાની આખર તારીખ ૩૧-૧-૨૦૧૮ નક્કી કરવામાં આવી છે. પણ છેલ્લી તારીખની રાહ ન જોતા વહેલી તકે ફોર્મ ભરી આપવા વિનંતી.

ફોર્મ ભર્યા બાદ આપના કુટુંબમાં મરણ, લગ્ન અને કોઈપણ વિગતમાં ફેરફાર હોય તો તે અંગેનું બીજું ફોર્મ ન ભરતા તેની જાણ લેખીતમાં સંયોજકને જણાવવામાં આવતા તેનો અમલ કરવામાં આવશે.

જ્યોતિપુંજમાં મોકલાવેલ ફોર્મની ઝેરોક્ષ કોપીવાળા ફોર્મ તમે ભરીને આપશો તો પણ ચાલશે

**ફોર્મ ભરીને નીચેના સ્થળોએ આપવા.**

| | | | |
|---|---|---|---|
| 1. | Shree Balasinor Navyuvak Sangh | Mumbai | 022 23887006 |
| 2. | M/s. Shailesh Tools & Hardware Mart | Shri Saumil Mody | 9920213426 |
| 3. | M/s. Bharat Asbestos & Rubber Co. | Shri Alpesh Dharia | 9833867601 |
| 4. | M/s. Nikoshi Trading Co. | Shri Samir Gandhi | 9821234304 |
| 5. | Shri Ajay Pravinchandra Doshi | Andheri | 9819342856 |
| 6. | Shri Kamlesh Chandrakant Doshi | Malad | 9004621062 |
| 7. | Shri Vasant Natverlal Desai | Kandivali | 9821054329 |
| 8. | Shri Tejas Hemendra Shah | Borivali | 9324350735 |

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક : શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

# SHREE BALASIN

**ELEVENTH EDITION**

**SPONSORER : SMT. MAN**

| LIFE MEMBERSHIP NO. | | Kindly Tick If | Out Of |
|---|---|---|---|
| **VASTI PATRAK NO.** | **KHIJ** | **COUNTRY** | |
| | | | |

**FAMILY**

| Title Mr. Mrs. Etc | SURNAME | FIRST NAME | MIDDLE NAME | MOBILE NO |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**ADDI**

| | RESIDENCE ADDRESS | | | |
|---|---|---|---|---|
| **NAME** | | | | |
| **Bldg.** | | | | |
| **Street** | | | | |
| **Floor** | | | | |
| | | | | |
| | | | | |
| **City** | | | | |
| **Pin Code** | | | | |
| **Tel No.** | | | | |
| **Email** | | | | |
| **Website** | | | | |

**ADDRESS FOR CORRESPONDANCE( SPECIFY RESIDENCE/OFFICE)**

FILL SEPARATE FORM FOR OUT CASTE MARRI

FORMS DULY FILLED UP SHOULD BE SENT ON OR BEFORE 31st January 201

NOTE :-
- ➡ Form must be filled in capital letters with good handwriting.
- ➡ Married son has to fill up a separate form.
- ➡ You can email duly filled form by email on bnssangh@gmail.com. Forms car

| Shri Alpesh Yogendra Dharia (Suratwala) | Shri Bhavesh Bipin Modi (Thasarawala) | Shri Saumil |
|---|---|---|
| 9833867601 | 8879422304 | 99202134 |
| CONVENER / JT. SECRETARY | SECRETARY | PRESID |

# OR NAVYUVAK SANGH

**- VASTIK PATRAK - 2018**

**JULABEN NAVNITLAL PARIKH (BAKHALI)**

| India ☐ | Out of Station ☐ | Out Caste ☐ |
|---|---|---|

| | CITY | Father's Name If Out Caste |
|---|---|---|
| | | |

**DETAILS**

| . | BIRTH DATE | EDUCATION | OCCUPATION | Blood Group* | EMAIL ID |
|---|---|---|---|---|---|
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |

**RESS** * Tick if one can donate blood

| OFFICE 1 | OFFICE ADDRESS | OFFICE 2 |
|---|---|---|
| | | |

**IED DAUGHTER'S WITH FATHER NAME & KHIJ**

3

ı be download from www.balasinor.org.

| Jitendra Mody<br>:26<br>ENT | SIGNATURE |
|---|---|

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

**- મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૪ થી બેઠક તા. ૧૨.૯.૨૦૧૭ના રોજ મંગળવારે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) (પ્રગતિ સમાજ ઓફીસ) ખાતે પ્રમુખ શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદીના નેજા હેઠળ મળી હતી.

સંસ્થાના સહમંત્રી શ્રી અલ્પેશ ધારીઆ એ હત મિટીંગનો અહેવાલ રજૂ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના સભ્ય શ્રી ચીરાગ પરીખની ખાલી પડેલ જગા માટે પ્રમુખશ્રીએ શ્રી કીંજલ પરીખના નામનું સુચન કર્યું હતું. ચર્ચા વિચારણા બાદ તે પસાર કરવામાં આવ્યું હતું.

શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવ ના સંયોદક શ્રી સુનિલ મોદીએ જણાવ્યું હતું કે આ વર્ષે મ્યુઝીકલ ઓર્કેસ્ટ્રાની તાલે રસોત્સવનું માણશું અને તેમની ટીકીટો વિતરણ કરવાની તારીખ ૨૯-૧૦-૨૦૧૭ના રોજ રવિવારે વિવિધ સેંટરો પરથી થશે. તેની જાણ કરી હતી.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક શ્રી ઉર્મિલ કડકીઆએ દાંડીયા રાસ માટે સહુને આમંત્રણ આપ્યું હતું.

શ્રીજી મેડીકલેઈમ યોજનાના સંયોજક શ્રી તેજસ શાહ એ એમનો અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી નટવરભાઈ મોદી (જનસાથી) પુરસ્કૃત જનસાથી ટ્રોફી શ્રી દીલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) પુરસ્કૃત બી.એન.એસ. લાલખા ટ્રોફી, શ્રી દીલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) અને શ્રી રૂપીન પૂનમચંદ્ર કડકીઆ (બેરા) પુરસ્કૃત બી.એન.એસ. લાલખા બેરા T20 અનો એમ.એચ.ધારીઆ પુરસ્કૃત બીપીએલ T20 ના સંયોજક શ્રી સંજીવ ધારીઆ એ એમને વિસ્તરીત અહેવાલ રજુ કર્યો હતો.

શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી પુરસ્કૃત મહિલા વિભાગના સંયોજક શ્રીમતી અલ્પા કડકીઆએ રજુઆત કરી હતી. તા. ૧૬-૯-૨૦૧૭ના રોજ દાંડીયા રાસની રમઝટ તથા તા. ૮-૧૧-૨૦૧૭ના રોજ સ્નેહ સંમેલન થશે.

ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ અને પરીવાર દિવાળી પર્વ આર્થિક રાહત યોજનાના સંયોજક શ્રી સમીર ધારીઆએ સહાય આપવાની તારીખો રજુ કરી હતી.

ગીરીપૂજા કોકીલાબેન પ્રવિણચંદ્ર બીનચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજનાના સંયોજક તથા સંસ્થાના ઉપપ્રમુખ શ્રી સમીર ગાંધીએ રજુઆત કરી હતી. આ વર્ષ વધુ માંગ આવવાથી રૂા. ૨૫,૦૦૦/- નું વધુ બજેટ પસાર કરે. ચર્ચાવિચારણા બાદ રૂા. ૨૫,૦૦૦/- પસાર કરવામાં આવ્યા હતા.

સંસ્થાના પ્રમુખ શ્રી સૌમિલ મોદી આ વર્ષે વસ્તી પત્રક પ્રકાશન અંગે સુચન કર્યું હતું. તે સૌએ આવકારી લીધુ હતું અને તેમને આના માટે શ્રી અલ્પેશ ધારીઆના

નામની રજુઆત કરી હતી. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ શ્રી સૌમિલ મોદીએ આંતરીક રમત-ગમત ના સંયોજક શ્રી પ્રશાંત પરીખ ને સુંદર આયોજન માટે આભાર વ્યક્ત કર્યો હતો.

કુલ ૩ લીવની અરજીઓ આવી હતી

(૧) શ્રી યોગેશ ધારીઆ (૨) શ્રી દક્ષેશ કડકીઆ (૩) શ્રી સન્ની ગાંધી. તે પસાર કરવામાં આવી હતી.

કુલ ૫ આજીવન સભ્યોની અરજીઓ આવી હતી.

(૧) નીશીત સુબાહુ પરીખ (વકીલ) (૨) મયંક દીનેશચંદ્ર કાછીયા (૩) પરીખ સોમિત્ર ગોપાલદાસ (અધોળી) (૪) કડકીઆ અતુલ પ્રવિણચંદ્ર (૫) શાહ પિયુષ નવનીતલાલ. તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી નો આભાર માની સભા બરખાસ્ત કરી હતી. **મંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી**

## બાલાસિનોર મેડીકલ સેન્ટર
### શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ
### મેડીકલ ટ્રસ્ટ

સર્વે જ્ઞાતિજનો,


સંજોગોવસાત આપણા સેન્ટરમાં લોહીના સેમ્પલ લેવાના બંધ કર્યા હતા.

આપણી જાણ ખાતર ફરી એકવાર આ વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે.

જે કોઈ જ્ઞાતિજનોને મેટ્રોપોલીસમાં ટેસ્ટ કરાવવો હોય અને હોમ વિઝિટ ના થઈ શકતી હોય તો આપણાં સેન્ટરમાં હવેથી Blood Collection ની વ્યવસ્થા ફરીથી શરૂ થઈ છે. સમય સવારે ૮.૩૦ કલાક થી બપોરના ૩.૦૦ કલાક સુધી. જ્ઞાતિજનોને આનો લાભ લેવા નમ્ર નિવેદન.

**કારોભારી સમિતિ વતી.**

## ચોકલેટસ




## 'જ' થી શરૂ થતી વિગત ઉકેલો

(૧) ચલો આણંદી..... બાપાના દર્શને (૪)
(૨) પાચનતંત્રનું અવયવ (૨)
(૩) ખોરાક ને પચાવતો અગ્નિ (૪)
(૪) બહેનો પોતાના ભાઈઓમાં ડાબા............ નો ફરક રાખે ત્યારે જ અન્યાય થાય (૩)
(૫) પાર્ટી તો બનતી હૈ યાર (૪)
(૬) લાડવા, ફૂલવડી, છોડાવા બટેટાના શાકનું ........... કેવું રહેશે ?
(૭) રંગત હજુ હવે થશે !!! (૪)
(૮) ........... વઢ઼ઘા (૩)

જવાબ : (૧) જલારામ (૨) જઠર (૩) જઠારાગ્નિ (૪) જમણા (૫) જયાફડી (૬) જમણ (૭) જમાવટ (૮) જનોઈ

---

## હીંડોળા ખાટ



## આપણા તહેવારો

(૧) અમાસનો તહેવાર (૩)
(૨) ભગવાન વિષ્ણુ પંદરનો અવતાર ધારણ કરે છે (૬)
(૩) આસો વદ ચૌદશે ભગવાન વિષ્ણુએ નરણાસુર નામના દૈત્યનો નાશ કર્યો (૭)
(૪) લોકમાન્યા બાળગંગાધર તિલકે ઈ.સ. ૧૮૯૨માં ........ ઉત્સવને રાષ્ટ્રીય પર્વ તરીકે બનાવ્યો (૬)
(૫) આ દિવસથી દિપોત્સવીના શુભ અવસરની શરૂઆત થાય છે (૬)
(૬) અષાઢી બીજ - કચ્છીની પ્રજાનું નવું વર્ષ શરૂ થાય છે (૪)
(૭) રાવણના પૂતળાનું દહન કરીને શ્રી રામનો વિજય મનાવાય છે. (૬)

જવાબ : (૧) દિવાળી/દિવાસો (૨) વામન જયંતી (૩) નરક ચતુર્દશી (૪) ગણેશ ચતુર્થી (૫) રમા એકાદશી (૬) રથયાત્રા (૭) વિજયા દશામી

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ)માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

૧. **ઈકો કેમ્પ :** તા. ૬-૮-૧૭ તથા તા. ૩.૯.૧૭ના રોજ યોજવામાં આવલે. કુલ ૬૮ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

૨. **છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૮-૮-૧૭ તથા તા.૧૫.૯.૧૭ના રોજ યોજવામાં આવેલ. કુલ ૪૦ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૩. **શ્રીમતી ચંદ્રિકાબેન શશીકાંત મણીલાલ ગાંધી બાળરોગ નિદાન કેમ્પ :** તા. ૮-૯-૨૦૧૭ રોજ યોજવામાં આવેલ. કુલ ૪૦ દર્દીઓએ લાભ લીધેલ. તે પૈકી જરૂરીયાતવાળા ૨૧ દર્દીઓને સાત દિવસની ફ્રી દવાઓ આપવામાં આવેલ. આ કેમ્પમાં ગોધરાના બાળરોગ નિષ્ણાંત ડૉ. પ્રિયાંક શાહએ સેવાઓ આપેલ.

૪. **શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાળા) માનસિક રોગોનો નિદાન કેમ્પ :** તા. ૧૨-૯-૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. કુલ ૬૦ દર્દીઓએ લાભ લીધેલ. તે પૈકી જરૂરીયાતવાળા ૪૭ દર્દીઓને રૂા. ૮,૫૫૫/- ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના માનસિક રોગોના નિષ્ણાંત ડૉ. અમીત શાહએ સેવાઓ આપેલ.

૫. **શ્રી લાયન્સ કલબ ઓફ ધોબી તળાવ, મુંબઈ ચામડીના રોગોનો નિદાન કેમ્પ :** તા. ૧૨.૯.૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. કુલ ૧૨૧ દર્દીઓએ લાભ લીધેલ. તે પૈકી જરૂરીયાતવાળા ૧૧૧ દર્દીઓને રૂા. ૪૩૩૩૫/- ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના ચામડીના રોગોના નિષ્ણાંત ડૉ. વિવેક પટેલએ સેવાઓ આપેલ.

૬. **શ્રીમતી મંજુલાબેન અને જયંતિલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર) ઈ.એન.ટી. નિદાન કેમ્પ :** તા. ૧૩-૯-૨૦૧૭ ના રોજ યોજવામાં આવેલ. કુલ ૩૨ દર્દીઓને લાભ લીધેલ. તે પૈકી જરૂરીયાતવાળા ૧૭ દર્દીઓને દસ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના કાન, નાક, ગળાના રોગોના નિષ્ણાંત ડૉ. નીમેષ પંચાલએ સેવાઓ આપેલ.

૭. **કમળાબેન અને મણીલાલ સી. મોદી (ચેપ) એન્ડોસ્કોપી નિદાન કેમ્પ :** તા. ૧૫-૯-૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૧૭ દર્દીઓ નોંધાયેલા તે પૈકી જરૂરીયાતવાળા પાંચ દર્દીઓની રાહત દરે એન્ડોસ્કોપી કરવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાંત ડૉ. કૈવન શાહએ સેવાઓ આપેલ.

૮. **શ્રી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) ડાયાબિટિસ નિદાને કેમ્પ :** તા. ૨૪-૯-૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. કુલ ૮૨ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૭૧ દર્દીઓને રૂા. ૧૪૫૭૭ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. તેમજ યુનીસન તથા એબોટ કંપની તરફથી પણ દર્દીઓને દવા ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના નિષ્ણાંત ફીજીશીયન ડૉ. શીશીર પી. ગાંધી તથા તેઓના ડૉક્ટરોની ટીમ તેજમ ડૉ. વીરલ બી. પટેલે સેવાઓ આપેલ. આગામી ડાયાબિટિસ નિદાન કેમ્પ તા. ૭-૧-૨૦૧૮ના રોજ રાખવામાં આવેલ છે.

કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની ૨૧મી વાર્ષિક સામાન્ય સભા તથા શ્રી બાલાસિનોર સેવા સમાજની ૫૩મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૨.૯.૨૦૧૭ને શુક્રવારના રોજ મુંબઈ ખાતે મળેલ.

સભાના પ્રારંભમાં વર્ષ દરમ્યાન ટ્રસ્ટના સદ્‌ગત ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓ તથા દાતાશ્રીઓના થયેલ નિધન બદલ બે મિનિટ મૌન પાળી સદ્‌ગતના માનમાં શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**૧. રમેશભાઈ ચીમનલાલ શાહ (હાથીખાનાવાળા)**

કચોરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભામાં એજન્ડા મુજબ ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ કર્યું હતું તેમજ એજન્ડા મુજબના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ મળેલી કાર્યવાહક સમિતિની સભામાં શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીઆનું ઘણા વર્ષોની સેવા બાદ ટ્રસ્ટમાંથી છુટા થવા અંગે રાજીનામું આપ્યુ હતું જે સખેદ સ્વીકારવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખશ્રી, કારોબારી મંત્રીશ્રીઓ તથા અગ્રણી ટ્રસ્ટી મુરબ્બીશ્રી રસિકલાલ સાંકરલાલ મોદી (દેવ) એ તેઓની ટ્રસ્ટમાં ઘણા વર્ષો સુધી ખજાનચી તરીકે તથા ઉપપ્રમુખ તરીકે આપેલ સેવાઓને બીરદાવી હતી. તેઓશ્રીના સ્થાને શ્રી રાજેન્દ્ર કીરતનલાલ દેસાઈની ટ્રસ્ટના ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી.

તેમજ વર્ષ ૨૦૧૭-૨૦૨૨ માટે નીચે પ્રમાણે હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી.

૧. શ્રી વસંત શાંતિલાલ પરીખ - પ્રમુખ
૨. શ્રી રાજેન્દ્ર કીરતનલાલ દેસાઈ - ઉપપ્રમુખ
૩. શ્રી નિતિનભાઈ જયંતિલાલ પરીખ - કારોબારી મંત્રી
૪. શ્રી પરેશભાઈ રસિકલાલ પરીખ - કારોબારી મંત્રી
૫. શ્રી રાજુલ મોહનલાલ પરીખ - ખજાનચી
૬. શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ - સ્થાનિક મંત્રી
૭. શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ - મેનેજીંગ ટ્રસ્ટી

## ટ્રસ્ટના દાતાશ્રીઓનો સન્માન સમારંભ તેમજ નવનિર્મિત સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના મકાનનું વાસ્તુ પુજન :

બાલાસિનોર ખાતે કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ)માં નવનિર્મિત કમળાબેન શાંતિલાલ પરખી (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના મકાનનું વાસ્તુપુજન આગામી તા. ૨૨.૨.૨૦૧૮ના રોજ કરવાનું વિચાર્યુ છે તથા તા. ૨૩.૨.૧૮ના રોજ દર વર્ષની જેમ ચાલુ વર્ષે ટ્રસ્ટના સખાવતી દાતાઓનો સન્માન સમારંભ યોજવામાં આવેલ છે. તેજ વખતે નવા સુપર સ્પેશ્યાલીટી સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવાનો પણ વિચાર કરેલ છે. તો તમામ નગરજનોને તથા મુંબઈવાસીઓને પ્રેમભર્યું આમંત્રણ છે.

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ, માનદ્ મંત્રીઓ**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

## આવ્યો રે મહાઓચ્છવ

બાલાસિનોર ના વ્હાલા વૈષ્ણવો સર્વેને જય જય શ્રી ગોકુલેશ

ઉપરોક્ત સમાજ તરફથી જ્યોતિપુંજમાં શ્રીમતી તારાબેન રમણલાલ મોદી (ચૌધરી) પુરસ્કૃત શ્રી મહાઓચ્છવનો ઉત્સવ ઉજવવા માટે ટહેલ નાખવામાં આવી હતી તેનો વૈષ્ણવો તરફથી સુંદર પ્રતિસાદ પ્રાપ્ત થયેલ છે.

## ૨૦૧૭નો મહાઓચ્છવ

ચાલુ વર્ષ ૨૦૧૭ના માગસર સુદ ૭ને રવિવાર, તા. ૨૬મી નવેમ્બર ૨૦૧૭ના દિનના મનોરથી બનવાનું સદ્‌ભાગ્ય પ.ભ. શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારિયા (લાલખા) તથા તેમના સુપુત્રો શ્રી રાકેશ તથા શ્રી સૌમિલને પ્રાપ્ત થયું છે.

રવિવાર તા. ૨૬મી નવેમ્બર ૨૦૧૭ના દિને મનોરથીના નિવાસસ્થાન ૪/૨૧, પ્રકાશ નં.-૧, રીજ રોડ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬ મુકામે સમાજ બપોરે ૩.૦૦ કલાકે બેસસે અને ત્યાં આપણા શ્રી ગોકુલેશ પ્રભુનાં પુનિત પ્રાક્ટયનો મહાઓચ્છવ ખૂબ જ ધૂમધામથી ઉજવવામાં આવશે. તે દિવસે મનોરથી તેમજ તેમના કુટુંબીજનોનું સન્માન સમાજ તરફથી કરવામાં આવશે.

## ૨૦૧૮ના મહાઓચ્છવનું એડવાન્સ બુકીંગ

વર્ષ ૨૦૧૮ના માગસર સુદ ૭ના મહાઓચ્છવના મનોરથી બનાવાનું સદ્‌ભાગ્ય સૌ.કોકીલાબેન રસીકલાલ મોદી (દેવ)ને પ્રાપ્ત થયેલ છે.

આ અંગેની વધુ વિગતો તે સમયે મોકલવામાં આવનાર પરિપત્રમાં જણાવવામાં આવશે.

સમાજ ઉપરોક્ત બન્ને મનોરથી દાતાઓને ખૂબ ખૂબ ધન્યવાદ આપે છે અને આભારથી લાગણી વ્યક્ત કરે છે.

તે પછીના વર્ષો માટે મનોરથી બનાવવાનું એડવાન્સ બુકીંગ ચાલુ છે. તો વૈષ્ણવોને લાભ લેવા વિનંતી.

**લી. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**
**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીઆ (મંત્રી)**
**ના જય જય શ્રી ગોકુલેશ**

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

**બાલાસિનોરના વ્હાલા વૈષ્ણવો સર્વેને જય જય શ્રી ગોકુલેશ**

ઉપરોક્ત સમાજ તરફથી ઉજવવામાં આવનાર ઉત્સવ શ્રીમતી પ્રમીલાબેન રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાળા) પુરસ્કૃત શ્રી ધન ધન છઠ્ઠની રાત તા. ૨૫મી નવેમ્બર ૨૦૧૭ શનિવારે ઉજવવામાં આવશે. તે દિવસે નિચે જણાવેલ સરનામે સમાજ બેસસે અને ઠાકોરજીના કિર્તનોની રમઝટ બોલાવશે.

**સ્થળ :**

**શ્રી સમીર રમેશચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા),**
૨૧૦૪, શ્રીપતી આર્કેડ, ઓગસ્ટ ક્રાંતી માર્ગ,
નાના ચોક, મુંબઈ - ૪૦૦ ૦૩૬

**સમય : સાંજના ૮.૩૦ કલાકે**

આમંત્રીત વૈષ્ણવો આવકાર્ય છે.

**લિ. વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**
**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીઆ(મંત્રી)**
**ના જય જય શ્રી ગોકુલેશ**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ
# વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળની ૯૩મી વાર્ષિક સામાન્ય સભા (AGM) અને સન્માન સમારંભ તા. ૧૭મી સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ કે.સી.કોલેજ ઓડીટોરીયમ, મુંબઈ-૨૦ ખાતે સવારે ૯.૩૦ કલાકે શ્રી અસિત દેસાઈના પ્રમુખ સ્થાને આયોજાયો હતો. સભામાં વાર્ષિક અહેવાલ રજુ થયો હતો અને વાર્ષિક હિસાબ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

AGM ની પૂર્ણાહૂતિ બાદ સન્માનિય દાતાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

ચુંટણી કમીશ્નર દ્વારા તેમનો અહેવાલ રજુ થયો હતો. નીચે જણાવેલ હરીફો બિન હરીફ ચુંટાયેલા જાહેર થયા હતા. તેઓના નામ : પ્રમુખપદે : શ્રી અસિત દેસાઈ તથા કારોબારીના સભ્યો તરીકે શ્રી વસંત કાંતિલાલ મોદી (વિમાવાલા), શ્રી અશ્વિન કાંતિલાલ ધારિયા (બલબલ), શ્રી હેમેન્દ્ર નટવરલાલ દેસાઈ (દેડકી), શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા) તથા શ્રી ધર્મેશ જયંતિલાલ શાહ.

કાર્યક્રમના સંચાલક શ્રી ચેતન મોદીએ વર્તમાન પ્રમુખ શ્રી અસિત દેસાઈ તથા સમગ્ર ટીમને સર્વ બાલાસિનોરવાસીઓ તમારી સાથે છે તમે સેવાના કાર્યમાં આગળ વધો કહી પ્રોત્સાહન પુરુ પાડયું હતું. ત્યારબાદ શ્રી ચેતન મોદીએ મંડળના ઉદારદિલ દાતાઓને સન્માન અર્થે સ્ટેજ પર આમંત્રીત કર્યા હતા. દાતાઓના નામ : એક શુભચિંતક, શ્રી નિરવ કિરીટ રમણલાલ કડકીયા (મલમ), શ્રીમતી મીનાક્ષી રાજેન્દ્ર દેસાઈ (લાટવાલા), શ્રીમતી તરૂબેન પ્રફુલભાઈ ઓચ્છવલાલ શેઠ, શ્રીમતી સુરભિ મહેન્દ્ર દેસાઈ (વકીલ), શ્રીમતી રક્ષા સતીષચંદ્ર મોદી (M.C.Mody), શ્રી કનૈયાલાલ ભિખાલાલ કડકિયા (હાલોલવાલા), શ્રીમતી શાંતાબેન કિર્તનલાલ કડકિયા અને શ્રી રાજન કિર્તનલાલ કડકિયા (વલ્લભઘેલા), શ્રી બાબુલાલ ચિમનલાલ શાહ (નગરશેઠ), શ્રીમતી ઈન્દુમતી સોમાલાલ શેઠ. આ સર્વે દાતાઓ પ્રમુખશ્રી તથા હોદ્દેદારો દ્વારા સન્માનીત થયા હતા.

ત્યારબાદ આ વર્ષમાં વિરલ વ્યક્તિત્વનો સુંદર શૈલીમાં પરિચય આપ્યો હતો. અને દરેકને સ્ટેજ પર બોલાવાયા હતા. સંસ્થા દ્વારા તેઓનું બહુમાન કરાયું હતું. બહુમાન મેળવનારના નામો આ પ્રમાણે છે. શ્રીમતી કિનીતા કડકિયા પટેલ, Sports Nutritionist, શ્રી જશ નિમિષ ધારીયા Promising Novelist (Literature), શ્રી પૂરવ ચિરાગ પરીખ Promosing Cricketer (Sports), કુમારી આલ્યા નિમિષ કચેરીઆ Budding Artist (Drawing & Painting), કુમારી ખુશી બ્રિજેન ઝવેરી તથા કુમાર કુશલ બ્રિજેન ઝવેરી. Promising Martial Artists - Kudo

શ્રી વસંત શાંતિલાલ પરીખ (કુવાવાળા) **'વાડસોલ કર્મવીર'** (સ્વ. શ્રી નટવરલાલ ચંદુલાલ વોરાની સ્મૃતિમાં) ના ખિતાબથી સન્માનિત થયા હતા. શ્રી વસંતકાકા મારફત તેમના ધર્મપત્નિ શ્રીમતી કોકીલાબેન તરફથી મંડળને રૂા. એક લાખની માતબર રકમ દાનરૂપી પ્રાપ્ત થઈ હતી.

પ્રમુખશ્રી એ તેમના વક્તવ્યમાં સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને મંડળની ગતીવિધીઓને વેગ આપવા માટે સૌના સાથ અને સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી. તેમજ તેમણે રૂપિયા પાંચ લાખના ડોનેશનની જાહેરાત કરી હતી. આ ડોનેશન **Education Scheme for Cost & Financial Analyst (CFA) Course** માટે શ્રી રાજેશભાઈ શાંતીલાલ કડકીઆ તરફથી અર્પણ કરવામાં આવી હતી.

અંતમાં શૈક્ષણિક પારિતોષીક વિતરણ સાથે સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

# શ્રી બાલાસિનોર વિદ્યા મંડળ

## દાન માટે અપીલ

૧.આપણે Master of Social Work (M.S.W.) College ગયા વર્ષથી શરૂ કરી છે. જેનો કોર્સ બે વર્ષનો રહેશે અને એમાંથી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને જેલ કક્ષાએ જેલ સુપ્રીટેન્ડન્ટ તરીકે, આરોગ્ય ખાતામાં કાઉન્સિલર તરીકે જીલ્લા પંચાયત/તાલુકા પંચાયતમાં કો-ઓર્ડીનેટર, C.D.P.O. અને ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટર તરીકે, બેંકમાં રીકવરી ઓફિસર તરીકે Industry Company માં H.R. Executive Manager તરીકે તેમજ સરકારી ખાતામાં આસાનીથી જોબ મળે છે તો આ માટે રૂા. ૫૦,૦૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ લાખ) ના દાનની જાહેર અપીલ કરવામાં આવે છે અને દાતાનું નામ કોલેજ સાથે જોડવામાં આવશે.

૨. ટૂંક સમયમાં Science College શરૂ કરવામાં આવશે અને તે માટેના પ્રયત્નો તથા તૈયારી ચાલુ છે તો તે માટે રૂા. ૧,૦૦,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક કરોડ) ના દાનની જાહેર અપીલ કરવામાં આવે છે અને દાતાનું નામ કોલેજ સાથે જોડવામાં આવશે.

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને નીચેના ત્રણ દાતા પરિવાર તરફથી માતબર દાન આજની સામાન્ય સભામાં વિવિધ યોજના હેઠળ ન્યાસફંડ માટે મળેલ છે.

૧) આપણી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ)નું માતબર દાન શ્રીમતી મીનાક્ષીબેન રાજેન્દ્રભાઈ દેસાઈ અને તેમના પરિવાર તરફથી 'નોટબુક યોજના' હેઠળ ન્યાસફંડ માટે મળ્યું છે. ન્યાસફંડની રકમના વ્યાજમાંથી સંસ્થા દર વર્ષે સુંદરમ્ ની લોંગ નોટબુક વિદ્યાર્થીઓને ખુબ જ ઓછા દરે આપે છે. કોલેજનાં આશરે UG અને PG ના ૨૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આનો લાભ લે છે.

૨) આપણી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ)નું માતબર દાન શ્રી ગૌરાંગભાઈ નટવરલાલ પરીખ અને તેમના પરિવાર તરફથી 'બુક બેંક યોજના' હેઠળ ન્યાસફંડ માટે મળ્યું છે. ન્યાસફંડની રકમના વ્યાજમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ટેક્સ બુક શૈક્ષણિક અભ્યાસ માટે આપવામાં આવે છે.

૩) આપણી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ) નું માતબર દાન શ્રીમતી મધુકાન્તાબેન બાબુલાલ મોદી (ટોટા) તરફથી 'વોલીબોલ ટુર્નામેન્ટ પારીતોષિક' હેઠળ ન્યાસફંડ માટે મળ્યું છે. ન્યાસફંડની રકમના વ્યાજમાંથી વિજયી ટીમને પારીતોષિક થી સન્માનિત કરવામાં આવશે.

સંસ્થાના કારોબારી સભ્યો જ્યોતિપુંજના માધ્યમ દ્વારા ત્રણેય દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરતા તેમનો ૠણ સ્વીકાર કરે છે અને પરમકૃપાળુ પરમાત્માને તેમના સુખ-શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

## વાર્ષિક સામાન્ય સભા

બાલાસિોર વિદ્યામંડળની ૫૦ મી (પચાસ) વાર્ષિક સામાન્ય સભા ગુરૂવાર, તા. ૭-૯-૨૦૧૭ના રોજ સાંજે ૪.૩૦ વાગ્યે સી.એન્ડ એસ.એચ. દેસાઈ આર્ટસ એન્ડ એલ.કે.એલ.દોશી કોમર્સ કોલેજ, બાલાસિનોર ખાતે મળી હતી.

મુંબઈની કારોબારી સમિતિના ૮ સભ્યો વાર્ષિક સામાન્ય સભા તથા કોલેજની મુલાકાત માટે ગયા હતા. સભાની કાર્યવાહી રાબેતા મુજબ એજન્ડા પ્રમાણે થઈ હતી અને આચાર્ય શ્રી ડૉ. દિનેશભાઈ માછી એ એમ.એસ. ડબલ્યુ કોલેજ, સાયન્સ કોલેજ, NAAC ની પુરજોશમાં ચાલતી તૈયારી અંગે સૌને માહિતી આપી હતી.

૦૧-૦૪-૨૦૧૭ થી ૩૧.૦૩.૨૦૨૨ (પાંચ વર્ષ)ના પ્રમુખ અને ૨૧ કારોબારી સભ્યોની ચુંટણીના પરિણામો ચુંટણી અધિકારી શ્રી સતીષભાઈ પરીખ અને શ્રી અજયભાઈ શાહ વતી શ્રી અજયભાઈ શાહે જાહેર કર્યા હતા એ સભામાં હાજર રહેલ સભ્યોએ પાંચ માનદ્ સભ્યો અને બે કો.ઓપ્ટ સભ્યોની વરણી કરી હતી.

**લિ. કારોબારી સમિતિ વતી, બાલાસિનોર વિદ્યા મંડળ**

## મંડળની કાર્યવાહક સમિતિ (૨૦૧૭-૨૦૨૨)

શ્રી જશવંતલાલ કોદરલાલ પરીખ (પ્રમુખ), શ્રી ચંદ્રકાંત ચીમનલાલ દેસાઈ (ઉપપ્રમુખ), શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ (ઉપપ્રમુખ), શ્રી ઉશનસભાઈ નવીનચંદ્ર કચેરીઆ (માનદ્ મંત્રી), શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (માનદ્ મંત્રી), શ્રીમતી તન્વીબેન ગૌરાંગભાઈ પરીખ (વોરા) માનદ્ મંત્રી), ડૉ.નગીનદાસ અચરતલાલ શાહ (માનદ્ મંત્રી), શ્રી મનુભાઈ ચીમનલાલ શાહ (ચા વાળા) (ખજાનચી), શ્રી વસંતકુમાર કાંતિલાલ મોદી (વિમાવાળા) (સભ્ય), શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (સભ્ય), શ્રી પ્રકાશચંદ્ર ઓચ્છવલાલ કચેરીઆ (વરખા) (સભ્ય), શ્રી ધીરૂભાઈ રમણલાલ શેઠ (અત્તરવાલા), (સભ્ય), શ્રી શિરીષકુમાર ઈન્દ્રવદન ત્રિવેદી (સભ્ય), શ્રી પ્રવીણભાઈ જીવરામભાઈ સેવક (સભ્ય), શ્રી જગદીશચંદ્ર મણીલાલ શાહ (એડવોકેટ) (સભ્ય), શ્રી પ્રદીપભાઈ અરવિંદભાઈ ત્રિવેદી (સભ્ય), શ્રી કિરણ ભાઈ રસિકલાલ મોદી (સભ્ય), શ્રી જીગરભાઈ મણીકાન્ત કડકીઆ (સભ્ય), શ્રી મયુરભાઈ આર. શાહ (સભ્ય), શ્રીમતી સોહિણીબેન યોગેશભાઈ કડકીઆ (સભ્ય), શ્રી ધર્મેશભાઈ બાબુલાલ કડકીઆ (સભ્ય), શ્રી યતીનભાઈ કીર્તનલાલ દેસાઈ (સભ્ય), ડૉ. પ્રિ. દિનેશભાઈ પી. માછી (આચાર્ય) (સભ્ય), શ્રી બીપીનકુમાર કીર્તનલાલ દોશી (માનદ્ સભ્ય), શ્રી ચંપકલાલ સોમાલાલ દેસાઈ (માનદ્ સભ્ય), શ્રીમતી સોનલબેન જનકભાઈ એન્જીનીયર (માનદ્ સભ્ય), શ્રી રાજેશભાઈ શાંતિલાલ કડકીઆ (માનદ્ સભ્ય), શ્રી નવીનચંદ્ર ઓચ્છવલાલ પારેખ (IRS) (માનદ્ સભ્ય), શ્રી ઉર્વિશભાઈ રસિકાલલ મોદી (દેવ) (કો.ઓપ્ટેડ સભ્ય), શ્રી જશવંતભાઈ દામોદર શાહ (કૉ.ઓપ્ટેડ સભ્ય)

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
## બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

સર્વે જ્ઞાતિજનોને અપીલ

શિક્ષણમાં વધતી મોંઘવારી અને વ્યાજની આવકમાં દિનપ્રતિદિન ઘટાડો થતો જાય છે.

આજ કારણસર શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ વિદ્યાર્થીઓની પૂરેપૂરી માંગ મુજબ સહાય કરવામાં નિષ્ફળ થાય છે. દર વર્ષે લગભગ રૂા ૮ થી ૯ લાખની સહાય માટે આપણી જ્ઞાતિની બીજી સંસ્થાઓ ઉપર નિર્ભર રહેવું પડે છે અને તેની સીધી અસર વિદ્યાર્થીઓના વાલી ઉપર આવી પડે છે.

ઉપરની બાબતમાં આપણી સંસ્થાના એક એવા ટ્રસ્ટી શ્રી પંકજભાઈ ધારિયા તથા ચાર સહાયક મિત્રોએ એક યોજના મુકેલી છે. જે મુજબ આપણી જ્ઞાતિનાં ૧૦૦ દાતાઓ પાસેથી ફક્ત રૂા. દસ હજાર જેવી નાની રકમનું દાન મેળવી અને રૂા. દસ લાખ જેવી માતબર રકમ સહાય લેતા વિદ્યાર્થી તથા તેઓના વાલીઓને મદદરૂપ થવામાં સહાય કરવા ઈચ્છીએ છીએ.

આપ સૌના સહકારથી સંસ્થા આપ સૌ મેમ્બરો તથા આપના સગા સંબંધીઓ પાસેથી રૂા. દસ હજારનું દાન મેળવવાં વિનંતી કરે છે.

આપ નીચે મુજબનાં કોઈપણ સભ્યોનો સંપર્ક કરી આપનાં દાનની રકમ ચેક અથવા રોકડેથી મોકલાવી શકો છો.

૧. શ્રી પંકજ ધારીયા (લાલખાં) ટ્રસ્ટી અને કન્વીનર
૨. શ્રી વ્રજેશ દેસાઈ
૩. શ્રી પરેશ મહેતા (બોમ્બે સેલ્સ)
૪. શ્રી કાર્તિક કડકીઆ - ટ્રસ્ટી
૫. શ્રી નીમિષ કડકિયા (મલમ)

દાન સાથે તમારું નામ એડ્રેસ મોકલવું તથા ૮૦-જી નો લાભ લેવા ઈચ્છતા હોવ તો તમારા પેનકાર્ડની નકલ સહી કરી મોકલવું. દાન મળતાં જ તમને પાકી રસીદ તથા ૮૦-જી સર્ટીફિકેટ આપવામાં આવશે જેની નોંધ લેશો.

શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ વતી

**પ્રમુખ - શ્રી અસિત દેસાઈ**

**મંત્રી - શ્રી જાસ્મીન શેઠ**

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

1. **Mahesh Rasiklal Parikh**
   4, Neelkanth Villa, 2nd Floor, 90 feet Road,
   Opp. Bhajan Samaj, Ghatkopar (E),
   Mumbai - 400077, 9757400077 (Maheshbhai)
   9869302300 (Devang)
2. **Navinchandra Ramanlal Modi**
   Jawahar Nagar Road No.-15, Manav Residency,
   Opp. Mount Marry School, Flat No.-201,
   2nd Floor, Plot No. 230, Jawahar Nagar,
   Goregaon (W), Mumbai - 62 - (M) 9619277918

### નવા ફોન નંબર

**Jagdish R. Dharia /Rakesh J. Dharia**
(Resi.) : 66666582

### જ્ઞાતિ ગૌરવ

- **કુમારી મિલોની રાકેશ પરીખ** C.A. ફાઈનલમાં ઉત્તીર્ણ થયા છે. સંસ્થા વતી હાર્દિક અભિનંદન

- **શ્રીમતી ચારુબેન કિરણકુમાર ગાંધી (પાકા)**ના સુપુત્ર **વિરલ ગાંધી**એ Harvard Business School, Bostan, USA માંથી ૨૦૧૬-૧૭માં Senior Executive Ladership ની Degree પ્રાપ્ત કરી છે.

તેમજ સેજલ અને વિરલ ગાંધીના નાના સુપુત્ર **પ્રેરક ગાંધી**ને પણ IIT Bombay માં Admisson પ્રાપ્ત થયું છે.

સંસ્થાવતી પરિવારને હાર્દિક અભિનંદ.

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ મધુકાન્તાબેન બાબુભાઈ મોદી | ૯૧ |
| ❖ રસીકલાલ સાંકરલાલ મોદી | ૮૯ |
| ❖ સુશીલાબેન બાબુલાલ શેઠ | ૯૨ |
| ❖ યોગીનીબેન કીરણકુમાર દોશી | ૭૨ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**